# 7

# શાંતિ અને અહિંસાનો સંગમ

નિયતિ ટી.વી. જોઈ રહી હતી. એક પછી એક ચેનલો બદલી રહી હતી. તેમાં કોઈ જુદી જ ભાષાની ચેનલમાં તેણે  જોયું કે કેટલાકે લાલ રંગના કપડાં પહેર્યાં છે. સાધુ જેવા લાગતા આ લોકોને જોઈને તેણે તેના પિતાજીને પ્રશ્ન કર્યો : ‘‘આ સાધુઓ કોણ છે ?’’ તેના પિતાજીએ જવાબ આપ્યો : ‘‘આ સાધુઓ ‘લામા’ તરીકે ઓળખાય છે. તેઓ બૌદ્ધધર્મના અનુયાયી છે.’’ નિયતિને આ વિશે વધુ જાણવાની ઇચ્છા થઈ.

ગણરાજ્યો વિશે તમે શીખ્યા. લગભગ 2500 વર્ષ પહેલાં બૌદ્ધધર્મની સ્થાપના થઈ. ગૌતમ બુદ્ધે જે ઉપદેશ આપ્યો, તેના આધારે જે ધર્મ સ્થપાયો, તે બૌદ્ધધર્મ કહેવાયો. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું. તેમનો જન્મ હિમાલયની તળેટીમાં કપિલવસ્તુ નગરી પાસે લુમ્બિની વનમાં થયો હતો. તેમના પિતા શુદ્ધોધન અને માતા માયાવતી હતાં. સિદ્ધાર્થનાં લગ્ન યશોધરા નામની સુંદર કન્યા સાથે કરવામાં આવ્યા હતા. તેમને રાહુલ નામનો પુત્ર હતો.

સિદ્ધાર્થ ક્ષત્રિય હતા તથા શાક્ય નામના એક નાના ગણરાજ્યથી જોડાયેલા હતા. યુવાવસ્થામાં જ તેમણે ઘરનાં સુખો છોડી દીધાં. પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કરી ઘર બહાર નીકળી ગયા. સિદ્ધાર્થના આ ગૃહત્યાગને ‘મહાભિનિષ્ક્રમણ’ તરીકે ઓળખાવાય છે. તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે વનમાં જઈ તપ કરવા ઇચ્છતા હતા. તેમને સમજાયું કે આ સંસાર દુ:ખનો દરિયો છે. આ દુ:ખમાંથી સમગ્ર માનવજાતને તેઓ ઉગારવા માગતા હતા.



7.1 ગૌતમ બુદ્ધ

આ સમય એવો હતો કે જ્યારે એ સમયના લોકોના જીવનમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું હતું.

સમાજમાં ઊંચનીચના ભેદભાવો હતા. ધર્મની બાબતમાં લોકો સ્વતંત્ર રીતે વિચાર કરવા લાગ્યા હતા. ગણરાજ્યોના કેટલાક રાજાઓ વધુ શક્તિશાળી થઈ ગયા હતા. ગામડાંઓમાં પણ પરિવર્તન આવી રહ્યું હતું. નગરો બનવા લાગ્યાં હતાં. ઘણા જિજ્ઞાસુ જીવનનો સાચો અર્થ જાણવા માગતા હતા.



7.2 સારનાથ સ્તૂપ

આવા સમયમાં ગૌતમ સત્યની શોધમાં અનેક સ્થળોએ ફર્યા, ઘણા વિચારકોને મળ્યા, તેમની સાથે ચર્ચાઓ કરી. યોગનો ઊંડો અભ્યાસ કર્યો. એ સમયની પરંપરા મુજબ ગૌતમે આકરું તપ કર્યું. તેમ છતાં તેમના મનને શાંતિ મળી નહિ. આખરે વૈશાખી પૂર્ણિમાની રાત્રિએ તેઓ એક પીપળાના વૃક્ષ નીચે તપ કરવા બેઠા હતા, ત્યારે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારથી તેઓ 'બુદ્ધ' કહેવાયા. તે સમયે તેમની ઉંમર 36 વર્ષની હતી. આ સ્થળ હાલમાં બુદ્ધગયા કે બોધિગયા (બિહાર) તરીકે ઓળખાય છે. ત્યાંથી તેઓ સારનાથ ગયા. ત્યાં તેમણે પ્રથમ વાર ઉપદેશ આપ્યો. લગભગ 45 વર્ષ સુધી તેમણે અલગ-અલગ સ્થળોએ પગપાળા ચાલીને ધર્મનો ઉપદેશ આપ્યો. છેવટે વૈશાલી નજીક 80 વર્ષની ઉંમરે કુશીનારા (હાલનું બિહાર)માં તેઓ નિર્વાણ પામ્યા હતા.

**વિચારો**

કુમાર સિદ્ધાર્થ ભગવાન બુદ્ધ કેવી રીતે બન્યા ?

**બુદ્ધનો ઉપદેશ :** ગૌતમ બુદ્ધ લોકોને જ્યારે પણ ઉપદેશ આપતા, ત્યારે સરળ લોકભાષામાં આપતા. લોકો સમજી શકે તેવી પાલિ ભાષાનો પ્રયોગ કરતા. તેમનો ઉપદેશ સમગ્ર માનવજાત માટે હતો. તેઓ કહેતા કે જન્મથી કોઈ ઊંચ કે નીચ નથી. જે સારાં કર્મો કરે તે ઉચ્ચ અને જે ખરાબ કર્મો કરે તે નીચ ગણાય. ભલા થાઓ અને ભલું કરો. પ્રાણીમાત્ર પર દયા રાખો, સદાય સત્કર્મ કરવા તૈયાર રહો, ગુસ્સે થનાર ઉપર જે સામો ગુસ્સો કરતો નથી તે મહાન છે. ક્યારેય કોઈની જાતિ પૂછવી નહિ. ધર્મ અને જ્ઞાનીને શરણે જવું.

તેઓ કહેતા કે આ જીવન દુ:ખોથી ભરેલું છે. ઇચ્છા કે તૃષ્ણા એ જ દુ:ખનું મુખ્ય કારણ છે. જે જોઈએ છે તે મેળવીને પણ સંતોષ નથી થતો અને વધુ મેળવવાની ઇચ્છા થયા કરે છે એ 'તૃષ્ણા' છે; માટે તૃષ્ણાનો ત્યાગ કરો.

બૌદ્ધધર્મનો ફેલાવો ભારતમાં તો થયો, સાથે-સાથે એ પછીના સમયમાં શ્રીલંકા, ચીન, જાપાન જેવા અનેક દેશોમાં પણ ફેલાયો.

**આટલું જાણો.**

**વાત કિસા ગોતમીની**

કિસા ગોતમી નામની એક સ્ત્રી હતી. સંજોગોવશાત્ તેનો દીકરો મરી ગયો. આથી તે ખૂબ જ દુ:ખી થઈ ગઈ. તે પોતાના દીકરાને હાથમાં ઉપાડીને રસ્તા પર અહીં-તહીં ભટકવા લાગી. તે બધાને પ્રાર્થના કરતી હતી કે કોઈ મારા દીકરાને જીવતો કરી દો. એક માણસને તેના પર દયા આવી. તેણે તેને કહ્યું : ''તું ભગવાન બુદ્ધ પાસે જા. એ તારા દીકરાને સજીવન કરી દેશે.'' તે તરત જ ભગવાન બુદ્ધ પાસે પહોંચી ગઈ અને રડવા લાગી. પ્રાર્થના કરી : ''મારા દીકરાને જીવતો કરી દો.''

બુદ્ધે શાંતિથી કહ્યું : ''હા, હું જીવતો કરી આપું. પણ તું એક કામ કર. તું કોઈ પણ એવા ઘરેથી એક મુઠ્ઠી રાઈના દાણા માગીને લઈ આવ કે જેના ઘરમાં અત્યાર સુધીમાં કોઈનું મરણ ન થયું હોય.''

કિસા ગોતમી તો ઘર ઘર ફરવા લાગી. દરેકની પાસે એક મુઠ્ઠી રાઈના દાણા માગ્યા, પરંતુ જે ઘરે ગઈ ત્યાં કોઈ ને કોઈ તો અગાઉ મરણ પામેલ હોય જ ! કોઈનાં પિતા, માતા, બહેન, ભાઈ. તેને ક્યાંયથી મુઠ્ઠી રાઈના દાણા મળી શક્યા નહિ.

**વિચારો**

ભગવાન બુદ્ધ કિસા ગોતમીને શું ઉપદેશ આપવા માગતા હતા ?

**ઉપનિષદ :** આ જ સમયે અથવા તો તે પહેલાના સમયમાં બીજા વિચારકોના વિચારો પણ પ્રવર્તતા હતા. તેઓ પણ આત્મા અને બ્રહ્મ શું છે, તે સમજવાનો પ્રયાસ કરતા હતા. તેઓ માનતા કે આત્મા અને બ્રહ્મ એક જ છે. આવા વિચારોનું સંકલન ઉપનિષદોમાં છે. આ ગ્રંથોમાં ગુરુ અને શિષ્ય વચ્ચેની વાતચીતનું સંકલન કરવામાં આવ્યું છે. તેના દ્વારા ધાર્મિક ઉપદેશ આપવાનું કામ વિચારકો કરતા. તેમાં ગાર્ગી જેવી સ્ત્રી-વિચારકનો પણ ઉલ્લેખ મળે છે. ઉપનિષદના વિચારોનો વિકાસ આદિગુરુ શંકરાચાર્યજીએ કર્યો.

**જૈનધર્મ :**

30 વર્ષની ઉંમરે જેમણે ઘર છોડી દીધું અને બાર વર્ષ સુધી કઠોર તપ કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું, જ્ઞાનનો ઉપદેશ તરીકે ઉપયોગ કરી લોકોને



7.3 મહાવીર સ્વામી

અહિંસાના માર્ગે વાળ્યા, એ હતા વર્ધમાન. તેઓ પછીથી મહાવીર સ્વામી તરીકે પ્રસિદ્ધ થયા. વર્ધમાનનો જન્મ ક્ષત્રિય કુળમાં પટણા નગરની ઉત્તરે કુંડગ્રામ (હાલનું બિહાર રાજ્ય) નામના એક ઉપનગરમાં થયો હતો. તેમનાં પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલાદેવી. તેમની પત્નીનું નામ યશોદા અને પુત્રી પ્રિયદર્શના. તેઓ જૈન ધર્મના 24મા તીર્થંકર ગણાય છે. મહાવીર સ્વામી જૈનધર્મના અતિ મહત્ત્વના સુધારક તરીકે ઓળખાય છે.

### મહાવીર સ્વામીનો ઉપદેશ :

મહાવીર સ્વામીએ લોકોને સરળ ભાષામાં ઉપદેશ આપ્યો. પ્રાકૃત અને અર્ધમાગધી ભાષામાં તેમણે કહ્યું કે- જેમણે સત્ય જાણવું છે તે દરેક સ્ત્રી કે પુરુષે પોતાનું ઘર છોડી દેવું જોઈએ. અહિંસાનું કડક પાલન કરવું જોઈએ. અહિંસાનો અર્થ માત્ર હત્યા ન કરવી એમ નહિ, પરંતુ કોઈ પણ જીવને કષ્ટ પણ ન આપવું. દરેક જીવ જીવવા ઇચ્છે છે. મન, વચન અને કર્મથી ક્યારેય કોઈનેય દુ:ખ કે ઈજા પહોંચાડવી નહિ. તેમનો ઉપદેશ લોકોને ગમ્યો. એ સમયે સમાજમાં પશુહિંસા બંધ થઈ અને અહિંસાનો મહિમા વધ્યો. પરિણામે ભારતમાં જૈનધર્મ લોકપ્રિય બન્યો.

જૈન (સાધુ-સાધ્વી) નામથી જાણીતા થયેલા તેમના અનુયાયીઓને ભોજન માટે ભિક્ષા માંગીને સાદું જીવન વિતાવવાનું હતું. પ્રામાણિક બનવું અને ચોરી ક્યારેય ન કરવી એવી કડક સૂચના હતી. બ્રહ્મચર્યનું પાલન ફરજિયાત હતું. પુરુષોએ વસ્ત્રો સહિત બધું જ ત્યાગ કરી દેવું પડતું.

કેટલાક લોકો માટે આવા કડક નિયમોનું પાલન શક્ય નહોતું, તોપણ ઘણા લોકોએ આ નવા વિચારને વધાવ્યો અને પોતાના ઘર છોડી દીધા. વેપારીઓએ આ સિદ્ધાંતોનું સમર્થન કર્યું. ખેડૂતો માટે થોડું મુશ્કેલ હતું. કારણકે પાકની રક્ષા માટે જીવજંતુ મારવા પડતાં. મહાવીર સ્વામીએ પાંચ વ્રતો આપ્યાં તે આ મુજબ હતાં - સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય.

**વિચારો**

વર્તમાન સમયમાં ધર્મના પ્રચાર માટે કયાં માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે ?

### સંઘ અને વિહાર :

જૈન તથા બૌદ્ધધર્મના ઉપદેશકોએ પોતાનાં ઘરોનો ત્યાગ કર્યો હોય છે. તેઓ વર્ષભર એક સ્થળેથી બીજે સ્થળે ઉપદેશ આપવા માટે વિહાર કરતા રહેતા હોય છે. આથી કેટલીક જગ્યાઓએ તેમને સ્થાયી નિવાસ પણ કરવો પડતો. તેના માટે સંઘ વિહારો બાંધવામાં આવ્યા હતા. ઘણા રાજાઓએ બૌદ્ધ તથા જૈનધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો. આમ, રાજાઓએ તથા વેપારીઓએ સંઘ-વિહારો, ઉપાશ્રયો બંધાવી આપ્યા હતા. તે સિવાય કેટલીક ગુફાઓમાં પણ તેમણે નિવાસ કરેલો.

આવી રીતે આજથી 2500 વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધ તથા મહાવીર સ્વામીના ઉપદેશથી લોકોને નવા વિચારો મળ્યા. એ સમયના ધાર્મિક ક્રિયાકાંડો તથા પશુ-બલિથી લોકો દૂર થયા. મોટી સંખ્યામાં લોકો તેમના અનુયાયી બન્યા. બંને ઉપદેશકોએ શાંતિ અને અહિંસાનો માર્ગ અપનાવવા લોકોને અનુરોધ કર્યો અને આ રીતે તેઓ સમાજમાં વિચાર-પરિવર્તક બની રહ્યા.

## સ્વાધ્યાય

**1. પ્રશ્નોના જવાબ આપો :**

1. ગૌતમ બુદ્ધ કયા ગણરાજ્યના રાજકુમાર હતા ?
2. ગૌતમ બુદ્ધે શો ઉપદેશ આપ્યો ?
3. જૈનધર્મના અનુયાયીઓને કેવા નિયમોનું પાલન જરૂરી હતું ?
4. મહાવીર સ્વામીએ લોકોને શો ઉપદેશ આપ્યો ?

**2. ખાલી જગ્યા પૂરો :**

1. ગૌતમ બુદ્ધે સૌ પ્રથમ ........... માં ઉપદેશ આપ્યો.
2. મહાવીર સ્વામી જૈનધર્મનાં ........... મા તીર્થંકર ગણાય છે.
3. ઉપનિષદના વિચારોનો વિકાસ ........... એ કર્યો હતો.
4. જૈન તથા બૌદ્ધ ભિક્ષુઓ ........... અને ........... માં રહેતા.

**3. કારણો આપો :**

1. જૈન તથા બૌદ્ધ ભિક્ષુકો માટે સંઘ અને વિહારો બાંધવામાં આવ્યા.
2. સિદ્ધાર્થે તેમની પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો.

**4. આવો જાતે કરીએ :**

1. જુદા-જુદા ધર્મોની ઉપદેશાત્મક બાબતો શોધો અને તેમાં સરખાપણું શું છે તેની નોંધ કરો.
2. ઉપનિષદના સંવાદો તથા બૌદ્ધધર્મની જાતકકથાઓ મેળવીને વાંચો.
3. ગૌતમ બુદ્ધ તથા મહાવીર સ્વામીએ આપેલા ઉપદેશ હાલના સમયમાં ક્યાં-ક્યાં ઉપયોગી છે ?

•

# 8

# આપણે ગુજરાતી

મિતાલી, ધ્રુવ અને તેના મિત્રો વાતચીત કરી રહ્યાં હતાં. મિતાલીએ પાસે બેઠેલા દાદાને એક પ્રશ્ન કર્યો- દાદા, તમે  ધોતી ઝભ્ભો પહેરો છો, પણ પપ્પા તો પેન્ટ-શર્ટ અને ટી-શર્ટ પહેરે છે. એવું કેમ ?

દાદાએ જવાબ આપ્યો. આપણા ગામમાં જેમ રંગ, દેખાવ, પોશાક, આહારમાં વિવિધતા જોવા મળે છે તેમ આપણા ગુજરાતમાં પણ આવી ઘણી વિવિધતાઓ જોવા મળે છે. ગુજરાતમાં પ્રદેશવાર લોકોની બોલી, ખોરાક, પોશાક, રહેઠાણ, તહેવાર, ઉત્સવો, રીત-રિવાજમાં વિવિધતા જોવા મળે છે. ભૌગોલિક, સામાજિક, ધાર્મિક અને વ્યાવસાયિક વિવિધતાને કારણે ગુજરાતના લોકજીવનમાં વિવિધતા જોવા મળે છે. અહીં હિન્દુ, ઇસ્લામ, બૌદ્ધ, જૈન, જરથોસ્તી, ખ્રિસ્તી વગેરે ધર્મનું પાલન કરનારા લોકો સંપીને રહે છે.

ગુજરાતીઓ વર્ષોથી વિશ્વમાં વેપારી પ્રજા તરીકે જાણીતા છે. આજે ગુર્જરવાસી તરીકે ઓળખાતા આ ગુજરાતીઓ સ્વભાવે નમ્ર, ખંતીલા અને મહેનતુ છે. તેઓમાં પારાવાર સાહસવૃત્તિ ભરેલી છે. ભારતનાં વિવિધ રાજ્યો અને વિશ્વના ઘણા દેશોમાં તેઓ વેપાર અને રોજગાર માટે જઈ વસ્યા છે.

**(1) ખોરાક :**

ગુજરાતના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલાં શાકભાજી, ફળફળાદિ, ઘી-દૂધ, માખણ, છાશ વગેરેનો ઉપયોગ કરે છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં બાજરાનો રોટલો અને વિવિધ શાકભાજી મોટા પ્રમાણમાં  ખવાય છે. આજે કાઠિયાવાડી ખાણું ખૂબ જ જાણીતું બન્યું છે. સુરતનું ઊંધિયું અને ઘારી જાણીતી છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં મકાઈ, જુવાર અને ચોખા ખોરાક તરીકે વધુ ઉપયોગમાં લેવાય છે. દરિયાકિનારે વસતા લોકો માછલીનો અને ભાતનો ખોરાકમાં ઉપયોગ કરે છે. આજે સમગ્ર ભારતમાં ગુજરાતી ભોજન ‘ગુજરાતી થાળી’ તરીકે પ્રસિદ્ધ બન્યું છે.